# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA**

NAAC Accredited with Grade 'A' (CGPA 3.11) (10-01-2023 to 09-01-2028)

**Website : www.spuvvn.edu** **Phone : 91-02692- 226807**

એકેડેમિક વિભાગ


ડી/ઈ/૧૦/SMPRP/DRAC/૭૨૫૧ તા.: ૨૯-૧૨-૨૦૨૩

**ખાસ અગત્યનો પરિપત્ર**

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
વિભાગીય શોધ સલાહકાર સમિતિ, તમામ અનુસ્નાતક વિભાગો
માર્ગદર્શકશ્રીઓ પીએચ.ડી. સેન્ટર ચલાવતી સંસ્થાઓ / કોલેજો
વલ્લભવિદ્યાનગર/આણંદ/બાકરોલ/કરમસદ/ખંભાત/સોજીત્રા/કપડવંજ/
નડીયાદ/પેટલાદ/ઓડ/ડાકોર/મોગરી/મહુધા/આંકલાવ/બોરસદ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

આથી તમામ વિભાગીય શોધ સલાહકાર સમિતીનાં અધ્યક્ષશ્રીઓ, માર્ગદર્શકશ્રીઓ તેમજ પીએચ.ડી. કરતાં તમામ વિદ્યાર્થીઓ (હાલમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ સહિત)ને આદેશાનુસાર જણાવવાનું કે, અનુસ્નાતક વિભાગ દ્વારા દર છ માસે (જાન્યુઆરી/ જૂલાઈ)માં યોજાતી રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન માટે યોજાતી DRAC સમક્ષ માર્ગદર્શકશ્રીઓ તેમજ પીએચ.ડી. કરતાં તમામ વિદ્યાર્થીઓએ જે તે સંબંધકર્તા અનુસ્નાતક વિભાગની DRAC નો સંપર્ક કરી ફરજીયાત હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

તદ્ઉપરાંત સર્વે માર્ગદર્શકશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓએ નીચે મુજબની બાબતો ધ્યાને લઈ તે અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

૧) પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓએ તેઓનાં રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન(જાન્યુઆરી/જુલાઈ) મુજબ ફી ન ભરતાં તેઓની રજીસ્ટ્રેશન તારીખનાં છ માસે સત્ર પૂર્ણ થયે નિયમાનુસાર તેઓની સત્ર ફી તેમજ તેઓનો રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ યુનિવર્સિટી ખાતે ફરજીયાત પણે જમા કરાવવાનો રહેશે.

૨) યુનિવર્સિટી ખાતે સત્ર ફી તેમજ રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ જમા કરાવવાની સાથે દર છ માસે (જાન્યુઆરી તેમજ જુલાઈ) યોજાતી રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન DRACમાં હાજર રહ્યા અંગેની હાજરી પત્રકની નકલ ફરજીયાત પણે જોડવાની રહેશે, જે બાબતની નોંધ લેવી.

૩) પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓ કે જેઓની અગાઉનાં સત્રની ફી બાકી હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ તેઓની સત્ર ફી તેમજ તેઓનો પીએચ.ડી. રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ જાન્યુઆરીમાં યોજાનાર રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન DRAC પહેલાં યુનિવર્સિટી નિયમાનુસાર સત્ર ફી ભરી રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનો રહેશે.

૪) જે વિદ્યાર્થીઓએ એક કરતાં વધુ સત્રથી પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝેન્ટેશ DRAC સમક્ષ રજૂ કરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ તેઓનાં માર્ગદર્શકશ્રીનો સંપર્ક કરી જાન્યુઆરીમાં યોજાનાર રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટનું પ્રેઝેન્ટેશન DRAC સમક્ષ રજૂ કરી તે કાર્ય ફરજીયાતપણે પૂર્ણ કરવાનું રહેશે.

૫) જે વિદ્યાર્થીઓએ સતત ત્રણ સત્રની ફી ભરેલ રશીદ તેમજ તેઓનો રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ યુનિવર્સિટી ખાતે જમા કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ તેઓનાં માર્ગદર્શકશ્રીનો સંપર્ક કરી નિયમાનુસાર તાત્કાલિક આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૬) પીએચ.ડી. વિદ્યાર્થીનાં છ માસિક પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝેન્ટેશન દરમ્યાન DRAC સમક્ષ જો બાહ્ય તજજ્ઞ દ્વારા જે તે વિદ્યાર્થીનાં શિર્ષક સુધારા તેમજ અન્ય બાબતો અંગેની ભલામણ કરવામાં આવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ખાતે અરજી રજૂ કરી આગળની કાર્યવાહી માટે યુનિવર્સિટી ખાતેથી મંજૂરી મેળવવાની રહેશે.

૭) પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓનાં માર્ગદર્શકશ્રી કે જેઓ વયોચિત્ત નિવૃત્ત થયેલ હોય કે સંસ્થા છોડી અન્યત્ર ગયેલ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમાનુસાર આગળની કાર્યવાહી પૂર્ણ કરવા અંગેની જાણ યુનિવર્સિટીને કરી આ અંગેની યુનિવર્સિટી ખાતેથી જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૮) જે વિદ્યાર્થીઓ ફૂલ ટાઈમ પીએચ.ડી. કરતાં હોય તેવા વિદ્યાર્થીઓ એ સંબંધકર્તા વિભાગ/કોલેજ/સંસ્થા ખાતે તેઓનું બાયોમેટ્રીક (થમ્બ/આઈ) ઈમ્પ્રેશનની કાર્યવાહી જો બાકી હોય તો રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન અગાઉ તે કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે અને દર છ માસનાં પ્રોગ્રેસ રીપોર્ટ તેમજ સત્ર ફી સાથે હાજરીની નકલ સંબંધકર્તા માર્ગદર્શકશ્રીની સહી સાથે યુનિવર્સિટી ખાતે રજૂ કરવાનો રહેશે.

કુલસચિવ